સંદેશ

Valsad – Navsari 5 June, 2018

# ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ દ્વારા ૩૨ સ્થળોએ શૈક્ષણિક કિટનું રાહતદરે વિતરણ

વલસાડ : ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા જરૂરિયાતમંદ લોકો માટે આરોગ્ય સહિત સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે અનેકવિધ કાર્યક્રમો સમગ્ર વર્ષ દરમિયાન કરવામાં આવે છે. જે અન્વયે શ્રીમદ્ રાજચંદ્ર મિશનના સંસ્થાપક પૂજ્ય રાકેશભાઈની પ્રેરણાથી ધરમપુર સહિત જિલ્લાની વિવિધ શાળા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શ્રીમદ્ રાજચંદ્ર શૈક્ષણિક સાધન સહાય યોજના અન્વયે ૩૨ જેટલી સંસ્થાઓના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને રાહતદરે નોટબુક, કંપાસ, પેન સહિત પાઠયપુસ્તકો અને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો સેંકડો વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. વિદ્યાર્થીઓને પર્યાવરણને થતા નુકસાનને ધ્યાને રાખી ઇકો ફ્રેન્ડલી નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.